Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous issue-26 | April – May 2017

# કૌટિલ્યનાં અર્થશાસ્ત્રમાં શાસન વ્યવસ્થા

## ❖ પ્રસ્તાવના

ભારતીય પરંપરાના ચાર પુરુષાર્થો ધર્મ,અર્થ,કામ અને મોક્ષને બરાબર સમજી,ધર્મ સંમત અર્થ અને કામની ઉપાસના કરનાર અને કરાવનાર અને તે દ્વારા પરમ સુખરૂપી મોક્ષને સહજ રીતે સિદ્ધ કરનાર રાજ્યગુરુ અને પ્રજાના વિદ્યાગુરુ એટલે ચાણક્ય. તેણે કૌટિલ્ય નામથી રચેલા પોતાના ગ્રંથ અર્થશાસ્ત્રમાં કહ્યુ છે, “ આ ગ્રંથની રચના કરનાર હું એવો પુરુષ છુ, જેણે ક્રોધે ભરાઇને નંદવંશનું નિકંદન કાઢી નાખ્યું અને શસ્ત્રો તથા શાસ્ત્રો વડે ભૂમિનું રક્ષણ કર્યુ. ”

આપણા અઢાર પુરાણોમાં ‘ વિષ્ણુપુરાણ ’ મહત્વનું અને માન્ય પુરાણ ગણાય છે. તેમાં ચાણક્ય વિશે આ પ્રમાણે ઉલ્લેખ છે. “ મગધ રાજ્યમાં મહાપદ્મ નંદ નામનો એક રાજા હતો. એના નવ પુત્રોએ સો વર્ષ પર્યંત રાજ કર્યુ. એ નંદવશ કહેવાયો. કૌટિલ્ય નામનાં બ્રાહ્મણે નંદરાજાનો નાશ કર્યો પછી સ્વયં આ કૌટિલ્યે ચંદ્રગુપ્ત મૌર્યનો રાજ્યાભિષેક કર્યો. , અને મૌર્યએ અનેક વર્ષ સુધી પૃથ્વી ઉપર રાજ્ય કર્યુ. સમ્રાટ ચંદ્રગુપ્તનો પુત્ર બિંદુસાર થયો અને બિંદુસારનો પુત્ર સમ્રાટ અશોક થયો. ” આ પ્રકારનો અન્ય ઉલ્લેખ કામદકનાં ગ્રંથ “ નિતીસાર ” માં પણ છે. “ નિતીસાર ” પણ આધાર ભુત ગ્રંથ ગણાય છે. તેમાં ચાણક્યનું વિષ્ણુગુપ્ત દર્શાવ્યુ છે. આના ઉપરથી નિર્વિવાદ સાબિત થાય છે કે વિષ્ણુગુપ્ત, કૌટિલ્ય અને ચાણક્ય એક જ મહાપુરુષ છે.

## ❖ અભ્યાસનાં હેતુઓ

(૧) કૌટિલ્યનાં અર્થશાસ્ત્રને જાણવુ , સમજવુ.
(૨) કૌટિલ્યનાં અર્થશાસ્ત્રમાં દર્શાવેલ શાસન વ્યવસ્થાથી પરિચિત થવું.
(3) કૌટિલ્યે દર્શાવેલ જિલ્લા પ્રશાસન , નગર પ્રશાસન તેમજ ગ્રામ પ્રશાસન થી માહિતગાર થવું.
(૪) કૌટિલ્યે દર્શાવેલ ન્યાય વ્યવસ્થાની જાણકારી મેળવવી.

## ❖ કૌટિલ્યનાં અર્થશાસ્ત્રમાં શાસનવ્યવસ્થા

મૌર્યસામ્રજ્યની સ્થાપના ચંદ્રગુપ્ત મૌર્યે તેના ગુરુ અને પ્રખર રાજનીતિજ્ઞ ચાણક્યની મદદથી કરી હતી. ચંદ્રગુપ્ત મૌર્ય કુશળ શાસક અને મહાત્વાકાંક્ષી રાજા હતો. તેને રાજનીતી નિપુણ મંત્રી-કૌટિલ્યનો સહયોગ મળતાં એક સુવ્યવસ્થિત શાસનવ્યવસ્થા સ્થાપી. જે ભારતીય શાસકો માટે સદીઓ સુધી અનુકરણીય બની રહી. મૌર્યકાલીન શાસન વ્યવસ્થાનું જ્ઞાન આપણને મેગસ્થનીઝ લિખિત “ ઇન્ડિકા ” ગ્રંથના અંશો અને અર્થશાસ્ત્રમાંથી મળે છે.

શાસનવ્યવસ્થાને અંતર્ગત કૌટિલ્યે નગરની વ્યવસ્થાપિકાસભા (નગરપાલિકા) નુ ખૂબ જ વિસ્તારથી વર્ણન કર્યુ છે. તેના છ વિભાગો આપ્યા છે. પ્રત્યેક વિભાગનું સંચાલન પાંચ સદસ્યો કરતા. પ્રથમ વિભાગનુ કાર્ય કારીગરોની દેખ-રેખ રાખવાનું હતુ. બીજા વિભાગનાં હાથમાં વિદેશીઓની દેખ-રેખ તથા તેના આવાસ વગેરેની વ્યવસ્થા હતી. ત્રીજો વિભાગ જનસંખ્યા સ્વાસ્થ્ય તથા આવક – જાવક સંબંધી હતો. ચોથો વિભાગ નાણું, વિનિમય, તોલમાપ વગેરેનું કામ કરતો હતો. પાંચમો વિભાગ ઉપ્તાદિત વસ્તુઓનું ધ્યાન રાખવા માટે હતો. અને છઠ્ઠો વિભાગ માત્ર કર વસુલાત માટે હતો.

કેન્દ્રીય શાસનનાં સંચાલન માટે જુદાં – જુદાં વિભાગ વિભિન્ન અધ્યક્ષોને આધીન રાખવામાં આવતાં. મંત્રીમંડળ કેન્દ્રીત શાસનનું મુખ્ય અંગ હતું. રાજ્યોનાં વિવિધ કાર્યોમાં સમ્રાટની સહાયતા માટે મંત્રીઓની સમિતિ હતી જેને મંત્રીપરિષદ કહેવામાં આવતી. અશોકનાં શીલાલેખોમાં મંત્રીપરિષદ માટે પરિષ અથવા “ પરિસા ” શબ્દ પ્રયોજયો છે. અર્થશાસ્ત્રનાં અધ્યયનથી એ પ્રતિત થાય છે કે કેન્દ્રિય શાસન સંચાલન માટેનાં જે વિભાગો હતા તેમને કૌટિલ્યે “ તિર્થ ” નામ આપ્યુ છે. આવા અઢાર તિર્થનો ઉલ્લેખ છે. પ્રત્યેક તિર્થ મહામાત્ય (મહામાત્ર) ને આધીન હતુ , જે આ પ્રમણે છે.

**૧. મંત્રી તથા પુરોહિત :-**

આ બન્ને પદો અલગ - અલગ હતા. ચંદ્રગુપ્ત મૌર્યનાં શાસનમાં ચાણક્ય કદાચ આ બન્ને પદો સંભાળતા હતાં. રાજા એમની મદદથી ગુપ્તચરો,રાજદુતોની નિયુક્તી કરતો. અને પર રાષ્ટ્ર સંબંધી નિતી નક્કી કરતો ,ડૉ. જાયસ્વાલે આપેલી સુચીમાં આ બન્ને પદોનો અલગ-અલગ ઉલ્લેખ કર્યો છે.

**૨. સમાહર્તા (માલ- વિભાગ મંત્રી)**

સમાહર્તાનું કાર્ય રાજકીય કરો ઉઘરાવવાનું હતું. રાજ્યની આર્થિક નિતીમાં તેની બુદ્ધિમતાં અને કાર્યનો બહુ મોટો ફાળો હતો. તેના હાથ નીચે અનેક અધ્યક્ષો કામ કરતા હતાં. જેમાના મુખ્ય અધ્યક્ષો અને તેમના કાર્યો આ પ્રમાણે હતાં.

| | | |
|---|---|---|
| (૧) શુલ્કાધ્યક્ષ | :- | વ્યવસાય અને વેપાર સંબંધી કરો એકત્ર કરવા. |
| (૨) પોતવાધ્યક્ષ | :- | તોલ –માપનાં સાધનોનું નિયંત્રણ કરવું. |
| (૩) સુત્રાધ્યક્ષ | :- | રાજ્ય તરફથી ચાલતા વેપાર પર નિયંત્રણ કરવું. |
| (૪) સીતાધ્યક્ષ | :- | કૃષિવિભાગ પરનો અધ્યક્ષ |
| (૫) ગણિકાધ્યક્ષ | :- | વેશ્યાલયોનો કારભાર |
| (૬) મુદ્રાધ્યક્ષ | :- | દેશની બહાર જતી – આવતી મુદ્રાનું નિયમન. |
| (૭) વિવિતાધ્યક્ષ | :- | ગોચર વ્યવસ્થા કરવી. |
| (૮) નૌ – અધ્યક્ષ | :- | જળ માર્ગનો પ્રબંધ. |
| (૯) અશ્વાધ્યક્ષ | :- | ઘોડાઓ સંબંધી બધા કાર્યોની દેખરેખ |
| (૧૦) લક્ષણાધ્યક્ષ | :- | સમસ્ત નાણાં વ્યવસ્થા. |
| (૧૧) સૌવર્ણિક | :- | ટંકશાળાનો અધ્યક્ષ. |

(૧૨) માનાધ્યક્ષ :- દેશ – કાળનું માપ કરતાં સાધનોનું નિયંત્રણ કરવું.

(૧૩) સુરાધ્યક્ષ :- મદિરાઉત્પાદન , વિતરણ અને પ્રયોગ ઉપર નિયંત્રણ કરવું.

(૧૪) સૂનાધ્યક્ષ :- કતલખાના ઉપર નિયંત્રણ રાખવું.

(૧૫) આકરાધ્યક્ષ :- ધાતુઓ , કિંમતી પદાર્થોની ખાણોની દેખરેખ.

**૩. સંનિધાતા (રાજકોષ મંત્રી)**

રાજકીય આવક –જાવકનો હિસાબ રાખવો એ એનું મુખ્ય કાર્ય હતું. કોષગૃહ , પણ્યગૃહ , કુપ્યગૃહ , કોષ્ઠાગાર , આયુધાગાર તથા બંધનાગાર વગેરે વિભાગો તેને આધીન હતાં. “ ગોપ ” નામનો અધિકારી આ વિભાગ સાથે જોડાયેલો હતો.

**૪. સેનાપતિ**

સેનાપતિ સૈન્ય વિભાગનો મંત્રી હતો. સમગ્ર યુદ્ધ વિભાગ ને કૌટિલ્યે સેનાપતિના તાબા હેઠળ ગણાવ્યો હતો.ચારેય પ્રકારનાં સૈન્ય ઉપર તેનું નિયંત્રણ રહેતું.

**૫. યુવરાજ**

રાજાનો ઉત્તરાધિકારી હોય છે. શાસન સંચાલનમાં રાજાને મદદ કરે છે. રાજાની અનુપસ્થિતિમાં શુન્યપાલ (પ્રતિનિધિ) નુ કાર્ય કરે છે.

**૬. પ્રદેષ્ટા**

કંટકશોધન ન્યાયાલયોનાં ન્યાયાધીશને પ્રદેષ્ટા કહેવાતો હતો. જે લોકોને ન્યાય આપવાનું કાર્ય કરતાં.

**૭. નાયક**

સેનાના મુખ્ય સંચાલકને નાયક કહ્યો છે. યુદ્ધક્ષેત્રમાં સંચાલન કરવાનુ કામ તેનુ હતુ. તેથી તે સેનાનાયક હતો.

**૮. વ્યાવહારીક**

તે ધર્મસ્થીય ન્યાયપાલનો પ્રધાન હતો. તેને “ ધર્મસ્થ ” પણ કહેવાતો.

**૯. કર્માન્તિક**

રાજ્યનાં કારખાનાંઓના સંચાલકને કર્માન્તિક કહેવાતો હતો.

**૧૦. સભ્ય – મંત્રી પરિષદના અધ્યક્ષ**

તેનું પદ ઉચું ગણાતુ હતુ. તેની અધ્યક્ષતામાં મંત્રી પરિષદની બેઠકો યોજાતી.

**૧૧. દંડપાલ**

સૈન્યનો પ્રબંધ કરતો અને સૈન્યની જરૂરિયાતો પૂરી કરતો.

**૧૨. અંતપાલ**

સીમાંત પ્રદેશોના રક્ષણની જવાબદારી તેના શિરે રહેતી.

**૧૩. દુર્ગપાલ**

દુર્ગોની વ્યવસ્થા તેને હસ્તક હતી. શત્રુઓથી દેશની રક્ષા કરતો.

**૧૪. નાગરક**

નગરની વ્યવસ્થા અને શાસનનો સર્વોચ્ચ અધિકારી હતો. સ્થાનિક તેમજ ગોપ જેવા કર્મચારીઓ નાગરકને આધીન હતા.

**૧૫. પ્રશાસ્તા**

રાજકીય આદેશોને લિપિબદ્ધ કરનાર વિભાગનાં મુખ્ય અધિકારીને પ્રશાસ્તા કહેવાતો. તેને આધીન કાર્યાલયને “ અક્ષરપટલ ” કહેવાતુ.

**૧૬. દૌવારિક**

રાજમેહેલનો મુખ્ય અધિકારી દ્વારપાળ હતો. રાજમહેલ સંબંધી બધાંજ કાર્યો તેના દ્વારા થતાં.

**૧૭. આંતર્વેશિક**

તે રાજાનાં અંગરક્ષકોનો પ્રધાન હતો. મહેલની અંદરની રક્ષાનો પ્રબંધક હતો. રાજવંશનાં ગૃહકાર્યોનો મુખ્ય અધિકારી હતો.

**૧૮. આટવિક**

સેનામાં આટવિક સૈન્યનું મહત્વનું સ્થાન હતુ. તે લૂંટફાટ કરનારુ સૈન્ય હતુ. જંગલનાં લશ્કરનો અધ્યક્ષ આટવિક કહેવાતો.

ઉપરોક્ત ૧૮ પ્રકારના રાજ્યના અધિકારીઓને કૌટિલ્યે ત્રણ ભાગોમાં વિભક્ત કર્યા છે. અને તેજ ક્રમે તેમનું વેતન નિર્ધારીત કર્યુ છે.

**પ્રથમશ્રેણીમાં** – મંત્રી,પુરોહિત,સેનાપતિ તેમજ યુવરાજ

**બીજીશ્રીણીમાં** – દૌવારિક,આંતર્વેશિક.સમાહર્તા,સનિંધાતા અને પ્રશાસ્તા

**ત્રીજીશ્રેણીમાં**–પ્રદેષ્ટા,નાયક,નાગરક,વ્યાવહારિક,કર્માન્તિક,મંત્રીપરિષદનાં અધ્યક્ષ, દંડપાલ,દુર્ગપાલ અને અંતપાલને મુક્યા છે.

ત્રણેય શ્રેણીઓનાં અધિકારીઓને માટે પ્રતિવર્ષ ક્રમશઃ ૪૮૦૦૦ પણ, ૨૪૦૦૦ પણ અને ૧૨૦૦૦ પણનું વેતન નક્કી કરવામાં આવ્યું હતું.

❖ **પ્રાંતીય શાસન**

શાસન સુવિધા માટે મૌર્યસામ્રાજ્યને ઘણા પ્રાંતોમાં વિભાજિત કરવામાં આવ્યુ હતુ. અશોકના શિલાલેખ પરથી જાણી શકાય છે કે મૌર્યસામ્રાજ્ય પાંચ પ્રાંતોમાં વિભાજિત હતુ. આ પાંચ પ્રાંતોમા ઉત્તરાપથ,પશ્ચિમીચક્ર, દક્ષિણપથ,કલિંગ અને મધ્ય પ્રદેશોનો સમાવેશ થાય છે. પ્રાંતનું સંચાલન પ્રાંતપતિ કરતો. પ્રાંતપતિની નિયુક્તિ સ્વયં રાજા જ કરતો. અર્થશાસ્ત્ર મુજબ પ્રાંતપતિને પણ ૧૨૦૦૦ પણ વાર્ષિક વેતન મળતું હતુ.

❖ **જિલ્લા પ્રશાસન**

પ્રાંતોને જિલ્લાંમાં વિભાજિત કરવામાં આવતા જેમને વિષય કહેવાતા. મૌર્યકાળનાં શાસકને વિષયપતિ કહેવાતો. ક્યાંક ક્યાંક જિલ્લામાટે પ્રદેશ શબ્દનો પ્રયોગ થયો છે. વિષયપતિને આજનાં કલેક્ટર સાથે સરખાવી શકાય.

❖ **નગર પ્રશાસન**

નગરનાં પ્રશાસનની જાણકારી આપણને મેગસ્થનીઝનાં “ ઇન્ડિકા ” ના અંશોથી મળે છે. મેગસ્થનીઝે માત્ર પાટલિપુત્રના મ્યુનિસિપલ પ્રશાસનનું વિવિરણ આપ્યુ છે. પાટલિપુત્ર નગરમાં ત્રીસ અધ્યક્ષોનો એક આયોગ હતો. આયોગને ૫-૫ સભ્યોની છ સમિતિઓમાં વહેંચી નાખવામાં આવ્યો હતો. આ છ સમિતિમાં શિલ્પકલા સમિતિ , વૈદેશિક સમિતિ , જનગણના સમિતિ , વાણિજ્ય સમિતિ , વસ્તુ-નીરિક્ષક સમિતિ અને કર સમિતિનો સમાવેશ થાય છે.

❖ **ગ્રામ પ્રશાસન**

ગામનો શાસક ગ્રામિક અથવા ગ્રામભોજક કહેવાતો હતો. ગ્રામિક ગામનાં વૃદ્ધોની મદદથી શાસન ચલાવતો. અર્થશાસ્ત્ર અનુસાર ૫ કે૧૦ ગામોના શાસકને “ ગોપ ” કહેવાતો. ગોપોનાં ઉપરીને “ સ્થાનિક ” કહેવાતો. ગ્રામિક,ગોપ,સ્થાનકનાં કર્યોની દેખરેખ “ સમાહર્તા ” રાખતો. ગોપ ગામની સીમાનુ નિર્ધારણ કરતો,વસ્તી-ગણતરી કરતો. ૫-૫ ગામોનાં સંગઠનને પંચગ્રામ, ૨૦૦ગ્રામના સમુહને ખાર્વટિક ,૪૦૦ ગ્રામના કેન્દ્રને દ્રોણમુખ,૮૦૦ ગ્રામનાં કેન્દ્રને સ્થાનિય નામથી ઓળખવામાં આવતું.

❖ **સૈન્ય સંગઠન**

સામ્રાજ્યની સુરક્ષા માટે વિશાળ સૈન્યનું સંગઠન કરવામાં આવ્યુ હતુ. મેગસ્થનીઝે જણાવ્યુ છે તે મુજબ ચંદ્રગુપ્તની સેનામાં ૬ લાખથી વધુ પાયદળના સિપાહીઓ,૩૦,૦૦૦ અશ્વો,૯,૦૦૦ હાથી અને ૮,૦૦૦ રથ હતા. સેનાનાં પ્રબંધ માટે એક અલગ વિભાગ હતો જેનુ સંચાલન છ સમિતિઓ દ્વારા થતુ. કૌટિલ્યે મૌલબળ, મૃતબળ,શ્રેણીબળ,શત્રુબળ,મિત્રબળ અને અટ્વીબળ એમ છ પ્રકારનાં સૈન્ય બળોનો ઉલ્લેખ કર્યો છે. ચતુરંગ સૈન્યનો વડો સેનાપતિ કહેવાતો. સેનાની સાથે એક ચિકિત્સા વિભાગ હતો. તે ઘાયલ સૈનિકોની સારવાર કરતો હતો. સેના સ્થાયી હતી. રાજ્ય તરફથી તેને વેતન તથા અસ્ત્ર - શસ્ત્ર મળતાં.

### ❖ ન્યાયવ્યવસ્થા

મૌર્યસામ્રાજ્યની ન્યાયવ્યવસ્થાને અંતર્ગત અનેક ન્યાયાલયોની વ્યવસ્થા હતી. સૌથી નાનું ન્યાયાલય ગ્રામ સંસ્થા હતુ. જેમાં ગ્રામવાસીઓ પોતાની સમસ્યાઓનો હલ મેળવવા ગામની ઉપર સંગ્રહણ , દ્રોણમુખ અને સ્થાનીય સંઘનાં ન્યાયાલયો હતા. ૧૦ ગામનું એક સંગ્રહણ, ૪૦૦ ગામનુ દ્રોણમુખ અને ૮૦૦ ગામનુ એક સ્થાનીય અને છેલ્લું ગ્રામ સંગઠન તે જનપદ કહેવાતુ. કૌટિલ્યનાં અર્થશાસ્ત્ર ઉપરથી તે પ્રતીત થાય છે કે આ ન્યાયાલયો જિલ્લા ન્યાયાલયોનાં જ અંગો હતાં તેની ઉપર ધર્મસ્થીય અને કંટકશોધન ન્યાયાલયો હતા. દિવાની કેસોનાં ન્યાયાલયને ધર્મસ્થીય અને ફોજદારીના ન્યાયાલયને કંટકશોધન કહેવાતાં હતા. નાની અદાલતોનાં ન્યાયથી અસંતુષ્ટ હોય તેવો અભિયુક્ત મોટા ન્યાયાલયમાં અપીલ કરી શકતો હતો.

### ❖ રાજ્યની આવક – જાવકનો વહિવટ

રાજ્યની આવકનું મુખ્ય સાધન ભૂમિકર હતુ. જેમાં આવકનાં છઠ્ઠા ભાગને કરરૂપે વસૂલ કરવામાં આવતો. વેચાણકર,અર્થકર,મકાનકર, વગેરે રાજ્યની આવકના સાધન હતાં. શિલ્પીઓ,વેપારીઓ વગેરેને લાયસન્સ લેવા માટે કિંમત ચૂકવવી પડતી. તે બધા રાજ્યોને આવક પુરી પાડતા. રાજ્યની આવકનો મોટો ભાગ સૈન્યમાં ખર્ચાતો. ગૃહનિર્માણ,કિલેબંધી,સડકો બનાવવી, દવાખાના બાંધવા,શિક્ષણ – તાલિમ આપતા અધિકારીઓનુ વેતન,ભથ્થાં યાતાયાતનાં સાધનો તથા લોક સેવાનાં કાર્યો વગેરેમાં રાજ્ય ખર્ચ કરતુ.

### ❖ આંતરરાષ્ટ્રીય સંબંધ

રાજ્યો વચ્ચે પરસ્પર કેવા સંબંધ હતા તેનુ વિવરણ પણ અર્થશાસ્ત્રમાં મળે છે. તે અંગે મંડળસિદ્ધાંતનો ઉલ્લેખ કર્યો છે. મિત્રરાજ્ય,શત્રુરાજ્ય,મધ્યરાજ્ય અને ઉદાસીનરાજ્ય એમ ચાર પ્રકારનાં રાજ્યોનો ઉલ્લેખ છે. રાજ્યમાં સ્વામી,અમાત્ય,જનપદ,દુર્ગ,કોષ,સેના,મિત્રની બનેલી સાત પ્રકૃતિઓ સાથે મળી એક બૃહદમંડળ બનાવતી. વિદેશનિતીમાં રાજદુતની મહત્વની ભૂમિકા રહેતી. કૌટિલ્યે નિસૃષ્ટાર્થ,પરિમિતાર્થ અને શાસન હર એમ ત્રણ પ્રકારનાં દૂતનો નિર્દેશ કર્યો છે.

### ❖ ઉપસંહાર

આમ કૌટિલ્યકૃત અર્થશાસ્ત્રનો ગ્રંથ મુખ્યત્વે ઉપદેશાત્મક ગ્રંથ છે. શાસનકાળ દરમિયાન આવી પડનારી વિભિન્ન પરિસ્થિતીઓ સામે ઝઝુમીને શાસકે સફળ બનવા માટે કોઇ પણ રીતે નિયમોને આધીન રહીને શાસન કરવુ જોઇએ એવું શાસકને જણાવવાનો ગ્રંથકારનો મુખ્ય ઉદેશ છે. તેથી આ શાસ્ત્રમાં સિદ્ધાંત કરતાં વ્યવહાર - આચરણ ઉપર વધુ ધ્યાન અપાયું છે. કૌટિલ્યે જનતાની આર્થિક સમૃદ્ધિ માટે રાજ્યને જવાબદાર ગણાવ્યું છે. રાજાનું કર્તવ્ય માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું જ નથી હોતું , પરંતુ પ્રજાના હિતમાં આર્થિક બાબતોનું નિયમન કરવાનું પણ હોય છે.

## ❖ સંદર્ભ સૂચિ :-


I. કૌટિલીય અર્થશાસ્ત્રમ્ , ડૉ.નર્મદા રાવલ , પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ.

II. ચાણક્ય નીતિ , મનસુખલાલ સાવલિયા , પ્રવીણ પબ્લિકેશન : રાજકોટ.


**********************************************************************


ડૉ. કિશોર વી. ગજેરા
એસોસિએટ પ્રોફેસર ( ઇકોનોમિક્સ )
સૌરાષ્ટ્ર જ્ઞાનપીઠ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ
બરવાળા


Copyright © 2012 – 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat